કરવામાં આવશે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરના કોઇ ટેકનીકલ પ્રોબલેમને કારણે અથવા અન્ય કોઇ કારણોસર મોબાઇલ સેવા નેટવર્ક ખોરવાઇ જવાના સંજોગોમાં **SMS** ઉમેદવારને ન મળે તો તેની જવાબદારી મંડળની રહેશે નહિ. જેથી અરજી કરનાર ઉમેદવારોને કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવા માટે **OJAS** ની વેબસાઇટ https://ojas.gujarat.gov.in ની સમયાંતરે મુલાકાત લેવા તેમજ વર્તમાનપત્રોમાં કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવાની મંડળની જાહેરાત તથા મંડળની વેબસાઇટ જોતા રહેવા સલાહ આપવામાં આવે છે.

૨૦.૨ કોઇ પણ સંજોગોમાં કોલલેટર (હોલટિકીટ)સિવાય ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે નહિ, જેની દરેક ઉમેદવારોએ નોધ લેવી. જેથી ઉમેદવારોએ ઓનલાઇન ડાઉનલોડ કરેલ કોલલેટર (હોલટિકીટ)ની પ્રિન્ટ નકલ પરીક્ષા આપવા જતી વખતે સાથે રાખવો ફરજીયાત છે. વખતોવખતની માહિતી માટે મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in જોતાં રહેવું.

૨૦.૩ સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં  ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦/૨૦૧૪/૧૦૬/ખ થી બહાર પાડેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૨૦૨૧ ની જોગવાઇ મુજબ  ફક્ત -૧ (એક) લેખિત પ્રશ્નપત્ર(હેતુલક્ષી) નીચે મુજબ રહેશે:-

| **Cadre Name** | Syllabus | Marks | Exam Medium | Duration |
|---|---|---|---|---|
| **Village Panchayat Secretary (Class-III)** ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) (વર્ગ-૩) | 1. General Awareness and General Knowledge * | 50 | GUJARATI | One Hour (60 Minutes) |
| | 2. Gujarati Language and Grammar | 20 | GUJARATI | |
| | 3. English Language and Grammar | 20 | ENGLISH | |
| | 4. General Mathematics. | 10 | GUJARATI | |
| | TOTAL | 100 | | |

*** "General Awareness and General Knowledge" include questions related to –**

1. General Mental Ability and General Intelligence.
2. History of India and History of Gujarat.
3. Cultural heritage of India and Gujarat.
4. Geography of India and Geography of Gujarat
5. Sports.
6. Indian Polity and the Constitution of India.
7. Panchayati Raj.
8. Welfare schemes of Gujarat State and Union Government.
9. Indian Economy and Planning.
10. General Science, Environment and Information & Communication Technology.
11. Current affairs of Regional, National and International Importance.

NOTE: The question papers shall be of objective type MCQs(multiple choice questions).